ડ્રેનેજ વ્યવસ્થા આજે પણ અધૂરી અને અવ્યવસ્થિત, ઓવરફ્લો થતાં ગંદું પાણી રસ્તાઓ પર વહે છે

# ઘેલખડી વિસ્તાર મૂળભૂત સુવિધાઓથી વંચિત

**ઘેલખડી સાથે સાવકી મા જેવો વ્યવહાર કેમ?**

**વિસ્તારના** રસ્તાઓની હાલત જોતા એવું લાગે છે કે વિકાસ અહીં પહોંચ્યો જ નથી

**ખાડાવાળા** રસ્તા, તૂટી ગયેલા પેચવર્ક અને વરસાદમાં પાણી ભરાઈ જવાની સમસ્યા રોજિંદી



નવસારી : નવસારી મહાનગરપાલિકાના નકશા પર સમાવાયેલો ઘેલખડી વિસ્તાર આજે પણ મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરતો જોવા મળી રહ્યો છે. વર્ષોથી મહાનગરપાલિકામાં સમાવાયેલી હોવા છતાં ઘેલખડી સાથે સતત સાવકી મા જેવો વ્યવહાર થતો હોવાની લાગણી સ્થાનિકોમાં ઘેરા પાયે વ્યક્ત થઈ રહી છે. વિસ્તારના રસ્તાઓની હાલત જોતા એવું લાગે છે કે વિકાસ અહીં પહોંચ્યો જ નથી. ખાડાવાળા રસ્તા, તૂટી ગયેલા પેચવર્ક અને વરસાદમાં પાણી ભરાઈ જવાની સમસ્યા અહીં રોજિંદી બની ગઈ છે.

ઘેલખડીમાં ડ્રેનેજ વ્યવસ્થા આજે પણ અધૂરી અને અવ્યવસ્થિત છે. અનેક સ્થળોએ ડ્રેનેજ લાઈનો ઓવરફ્લો થતી હોવાથી ગંદું પાણી રસ્તાઓ પર વહે છે, જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય સતત મંડરાય છે. પીવાના પાણીના કનેક્શન પણ યોગ્ય રીતે આપવામાં આવ્યા નથી. ઘણા ઘરોમાં અનિયમિત પાણી પુરવઠો થાય છે, તો કેટલીક જગ્યાએ નળમાંથી ગંદું પાણી આવવાની ફરિયાદો પણ સામે આવી છે.

સ્થાનિકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે નવસારી મહાનગરપાલિકા માટે ઘેલખડી ખરેખર મહત્વનો વિસ્તાર છે કે પછી ફક્ત ટેક્સ વસૂલવા પૂરતો જ? પાણીની ચેમ્બર અને લાઈનોના મેન્ટેનન્સ બાબતે પણ ગંભીર બેદરકારી જોવા મળે છે. ખુલ્લી ચેમ્બર, તૂટેલા ઢાંકણા અને બિનજરૂરી લીકેજના કારણે અકસ્માતનો ભય સતત રહે છે, છતાં NMC તરફથી કાયમી ઉકેલ માટે કોઈ નક્કર કાર્યવાહી થતી નથી.

**ચૂંટણી સમયે અપાયેલા વચનો બાદમાં ભુલાઈ જાય છે**

ઘેલખડીના રહેવાસીઓ કહે છે કે ચૂંટણી સમયે વિકાસના મોટા મોટા વચનો આપવામાં આવે છે, પરંતુ બાદમાં વિસ્તાર ફરીથી ભુલાઈ જાય છે. હવે લોકો ખુલ્લેઆમ માંગ કરી રહ્યા છે કે નવસારી મહાનગરપાલિકા ઘેલખડીને સાવકી નજરથી જોવાનું બંધ કરી તાત્કાલિક રસ્તા, ડ્રેનેજ, પાણી અને મેન્ટેનન્સની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવે. નહીં તો ઘેલખડીનો આ અસંતોષ આવનારા સમયમાં મોટો પ્રશ્ન બની શકે છે.

## વાંસદા પોલીસ મથકમાં જ બે પક્ષ વચ્ચે મારામારી

વાંસદા : વાંસદા તાલુકાના કપડવંજ ગામની એક મહિલાએ બોલાચાલી બાબતે વાંસદા પોલીસ મથકે અરજી આપી હતી. જેમાં પોલીસ કમ્પાઉન્ડમાં જ બંને પક્ષોએ મારામારી કરતા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. વાંસદા તાલુકાના કપડવંજ ગામે રહેતી ઉર્મિલા ઠાકરેની એ જ ગામમાં રહેતા વિજય ઠાકરે અને તેની પત્ની સવિતા સાથે બોલાચાલી થઈ હતી. જેથી ઉર્મિલાબેને ખાંભલા બીટના જમાદારને અરજી આપી હતી. જે અરજીનો જવાબ લેવા વાંસદા પોલીસ મથકે મંગળવારે બોલાવ્યા હતા. ત્યારે વાંસદા પોલીસ કમ્પાઉન્ડમાં ઉર્મિલા ઠાકરે, જશવંત ઠાકરે અને શિલેષ દેશમુખ (રહે. ચીકાર) તેમજ સામા પક્ષના વિનયભાઈ ઠાકરે અને સવિતાબેન ઠાકરે આવ્યા હતા. જ્યાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી ત્યારબાદ ઝપાઝપી અને મારામારી કરતા વાંસદા પોલીસે તેઓને છુટા પાડી અ.હે.કો. રણજીતભાઈએ તમામ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પરીયામાં આર.આર.કે.સ્પોર્ટસ કલબ અનાવિલ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ




વાપી : પરીયામાં આર.આર.કે.સ્પોર્ટસ કલબ અનાવિલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સ્વ.રમેશચંદ્ર મણીલાલ વશી (વલવાડા), સ્વ. રમેશચંદ્ર રણછોડજી દેસાઈ (સોનવાડા), સ્વ.કિશોરભાઈ ગુલાબભાઈ દેસાઈ (પરીયા) પરિવાર તથા મિત્ર વર્તુળ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્દઘાટન નિમિષ વશી, સુરેખ દેસાઈ તથા સિદ્ધાર્થ દેસાઈ દ્વારા દિપ પ્રાગ્ટયથી કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે કનુભાઈ દેસાઈ (કેબીનેટ મંત્રી) તથા મનિષ દેસાઈ (વાપી શહેર ભાજપ પ્રમુખ), મિલન દેસાઈ (આર.કે.દેસાઈ ગૃપ), સતિષ પટેલ (વીઆઈએ પ્રમુખ) ઉપસ્થિત રહ્યા હતાં. આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન તરીકે આર.આર.કે. સ્ટાઈકર્સ જ્યારે રનર્સઅપ તરીકે આર.આર. કે. ટીમ ચેમ્પિયન રહી હતી. બેસ્ટ બોલર, બેસ્ટ બેટસમેન, મેન ઓફ ધ સીરીઝ, બેસ્ટ ફિલ્ડરોને શિલ્ડ તથા રોકડ રકમનો પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતાં. ચેમ્પિયન ટીમ આર.આર.કે.સ્ટ્રાઈકર્સ ટીમને કપ અને રોકડા 43,500, રનર્સઅપ ટીમ આર.આર.કે.ચેમ્પ ટીમને કપ તથા રૂપિયા 33,500ની રકમ તથા ભાગ લેનાર ટીમ આર.આર. કે. લેજેનડ્સ તથા આર.આર.કે.વોરિયર્સ ટીમને મેડલ અને રોકડા 23,500ની રકમ તથા કપ આપી સન્માનિત કર્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા આર.આર.કે.સ્પોર્ટસ કલબ આયોજક સમિતિ ભાવિન દેસાઈ, નિરવ દેસાઈ અને ટીમ દ્વારા જહેમત ઉઠાવી હતી.

### વાંસદાની શાળાના ભૂલકાંઓ દંડક વનની મુલાકાતે પહોચ્યા


નિલેશ કાપડિયા

વાંસદા : શ્રી વાંસદા તાલુકા કેળવણી મંડળ સંચાલિત આશા વિરેન્દ્ર મજમુદાર ઇંગ્લિશ એકેડમી શાળામાં બાળકોને પુસ્તક ઉપરાંત પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવે છે. જેને અનુસરી શાળામાં અભ્યાસ કરતા પ્રિ પ્રાઈમરીના નાના ભૂલકાંઓને વાંસદા ખાતે પ્રકૃતિના ખોળે આવેલા દંડકવન આશ્રમ ખાતે મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં શાળાના શિક્ષકો દ્વારા બાળકોને મંદિરના પરિસરમાં બેસાડી ધ્યાન અને યોગની સમજ આપી હતી. ઉપરાંત મંદિર પરિસરની આજુબાજુ આવેલી વનરાઈ નિહાળી પ્રકૃતિનો આહલાદક આનંદ માણ્યો હતો. નાના ભૂલકાંઓના મનોરંજન માટે શિક્ષકોએ વિવિધ રમતોનું પણ આયોજન કર્યું હતું. જેમાં બાળકોએ ગમત સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ એક દિવસીય મુલાકાતના અંતે બાળકોને વિવિધ ફળ ફળાદી અને પૌષ્ટીક નાસ્તો પણ પીરસ્યો હતો.

### વાપીની ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિકોત્સવની ઉજવણી



વાપી : વાપી આર.એસ.ઝુનઝુનવાલા ઈન્ટરનેશલ સ્કૂલમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને મોટિવેશન કરવા માટે વક્તા સંજય રાવલની ઉપસ્થિતિમાં શાળાનો વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ વિશેષ પ્રેરણાદાયી વક્તા સંજય રાવલ તેમજ ધારાસભ્ય રમણ પાટકર, ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશ રાઠોડ, ટ્રસ્ટી પાયલ રાઠોડ, તિશા રાઠોડ, શાળાના આચાર્ય ડો. પ્રખર ભારદ્વાજ તેમજ મહેમાનોના સાનિધ્યમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યતા, એકતા અને સમૃદ્ધ પરંપરાને પ્રતિબિંબિત કરતી રંગારંગ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી દર્શકોના દિલ જીતી લીધા હતાં. શાળાની વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે પુરસ્કાર તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. શાળાના આચાર્ય ડો. પ્રખર ભારદ્વાજે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો અને ભવિષ્યલક્ષી આયોજન વિશે માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા એડવાઇઝર કમિટી મેમ્બર વિનય વાડીવાલા, જયેશ કંસારા, કશ્યપ ગાંધી, પ્રદીપ શર્મા, દીપ ઠક્કર તથા શાળા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### ખેરગામમાં રસ્સાખેંચ સ્પર્ધા યોજાઇ



ખેરગામ : ખેરગામના દાદરી ફળિયા ગ્રાઉન્ડ ખાતે જનતા માધ્યમિક શાળાના શિક્ષક કેતન પટેલ તથા સહ આયોજકો જયંતી પટેલ અને પ્રવિણ પટેલના માર્ગદર્શન હેઠળ ખેરગામમાં રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેરગામ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં U-14 કુમાર વિભાગમાં વિજેતામાં જામનપાડા પ્રાથમિક શાળા રનર્સ અપ: કુમાર શાળા, ખેરગામ U-14 કન્યા વિભાગ: વિજેતા: પાટી (PM શ્રી) પ્રાથમિક શાળા રનર્સ અપ: જનતા માધ્યમિક શાળા U-17 ભાઈઓ વિભાગમાં જનતા માધ્યમિક શાળા, ખેરગામ રનર્સ અપ: વાવ માધ્યમિક શાળા U-17 કન્યા વિભાગ: વિજેતા: પાટી માધ્યમિક શાળા રનર્સ અપ: વાવ માધ્યમિક શાળા ઓપન વિભાગ (ઉચ્ચતર માધ્યમિક - ધો. 11-12): ભાઈઓ: જનતા માધ્યમિક શાળા વિજેતા કન્યાઓ: પાટી માધ્યમિક શાળા વિજેતા, જનતા માધ્યમિક શાળા રનર્સ અપ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમને આયોજકો તરફથી અભિનંદન તથા હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે જનતા કેળવણી મંડળના પ્રમુખ અરવિંદ પટેલ, ખેરગામ વેપારી મંડળના પ્રમુખ અમ્રત પટેલ, ડે.સરપંચ અને દીપક પટેલ, ખેરગામ પીઆઇ, ખેરગામ ભાજપ મહામંત્રી વિજય રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### 3 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપીને 20 વર્ષની કેદ

વલસાડ : વાપીના બલીઠા ગામે 3 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપી વિરૂદ્ધ વાપી એડિશનલ સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સૂનાવણી હાથ ધરાતા જજ એચ.એન.વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને દોષિત ઠેરવ્યો હતો. જેમાં જજે આરોપીને 20 વર્ષની સખત કેદ અને રૂપિયા 20 હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ કેસની વિગત એવી છે કે, ગત 20 ઓગષ્ટ 2023ના રોજ બલીઠામાં રહેતા એક યુપીવાસી પરિવારની 3 વર્ષની બાળકી બહાર રમતી હતી, ત્યારે પડોશમાં રહેતા એક યુવાને તેને પોતાના રૂમમાં બોલાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતુ. બાળકીને શોધતાં તેની માતા આવી ત્યારે યુવકે દરવાજો ખોલ્યો ન હતો. જોકે, ત્યાર બાદ બાળકી બહાર આવી અને તે લોહી લુહાણ હાલતમાં જોવા મળી હતી. ત્યારે આ બનાવ અંગે તેણીની માતાએ અડોશ પડોશ અને પતિને જાણ કરતાં તેમણે પડોશી યુવક હરીઓમ પ્રભુ નારાયણ શર્માને દોષિત ઠેરવી તેને 20 વર્ષની કેદ અને રૂપિયા 20 હજારના દંડની સજા ફટકારતો હુકમ કર્યો હતો.

### ગણદેવીની હાઈસ્કૂલમાં શિયાળુ રમતોત્સવમાં પ્રાચીન રમતો જીવંત બની


કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી સર સીજે ન્યુ હાઈસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત સર સીજે ન્યુ હાઈસ્કૂલમાં શિયાળુ રમતોત્સવ રમાયો હતો. જેમાં ૩૫૦ બાળ ભૂલકાંઓએ ભાગ લઈ, લુપ્ત થતી પ્રાચીન રમતોને જીવંત બનાવી હતી. આ શિયાળુ રમતોત્સવમાં ૩૫૦ વિદ્યાર્થીઓએ ક્રિકેટ, ટેબલ ટેનિસ, કેરમ, ચેસ, ૧૦૦ મીટર દોડ, કોથળા દોડ, સ્લો સાયકલ, મટકા ફોડ, ગોળા ફેંક, એક મિનિટ સ્પર્ધા, રસ્સા ખેંચ અને વોલીબોલ જેવી રમતોમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. વર્ષો અગાઉ દેશી રમતો જ હતી. પરંતુ સમય બદલાતો ગયો. ભૌતિકતા તરફ આપણી દોડ વધી, ઈન્ટરનેટ, મોબાઈલ, ટીવીનાં કલ્ચરમાં વિદેશી વિજાણું રમતો હાથવગી બની. પરીણામે પ્રાચીનકાળથી લોકજીવનનો ભાગ બનેલી રમતો ભુલાતી ગઈ, જેને જીવંત કરાતા બાળ રમતવીરોએ પણ પોતાના કૌશલ્યનાં દર્શન કરાવ્યા હતા. બાળકો નિયમો સમજે તેનું પાલન કરે તેની નિર્ણયશક્તિમાં વધારા સાથે ટીમવર્ક થકી સંઘભાવનાનાં સંબંધો પણ મજબૂત બને છે અને હારજીત પચાવતા શીખે છે. સાંપ્રત સમયમાં મોબાઈલનાં દુષણથી દુર રહીને સારો અભ્યાસ કરે એ ઉદ્દેશ્ય હતો. તમામ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પ્રથમ ત્રણ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સાથે આ રમતોમાં શિક્ષકો પણ જોડાતા બાળ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો હતો. આ સમગ્ર સ્પર્ધાઓમાં આચાર્ય વિનોદ કટારીયાના માર્ગદર્શન સહિત શાળા પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

### નવસારીના તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો

નવસારી: નવસારી કૃષિ કોલેજ દ્વારા જાહેર થયેલા તાજેતરના હવામાન આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો નવસારી જિલ્લામાં શિયાળાની અસર હવે સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. તા. 30 ડિસેમ્બર 2025ના રોજ મહત્તમ તાપમાનમાં લગભગ દોઢ ડિગ્રીનો ઘટાડો થઈ 30.5 ડિગ્રી નોંધાયો, જ્યારે લઘુત્તમ તાપમાન 15.6 ડિગ્રી સુધી ઉતરતાં ઠંડકમાં વધારો થયો છે. સવારની આદ્રતા 95 ટકા જેટલી ઊંચી રહી હોવા છતાં સાંજ સુધીમાં આદ્રતા ઘટીને 33 ટકા સુધી પહોંચી ગઈ હતી, જે દર્શાવે છે કે દિવસ દરમિયાન વાતાવરણ ઝડપથી શુષ્ક બની રહ્યું છે. બંને દિવસ પવનની ઝડપ ઓછી અને દિશા શાંત રહેતા હવામાન સ્થિર રહ્યું છે.

### થર્ટી ફર્સ્ટ પૂર્વે દારૂ ઘુસાડવાનો બુટલેગરોનો પ્રયાસ નિષ્ફળ

પારડી : થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસે પારડી હાઇવે પરથી કન્ટેનરમાં દારૂનો જથ્થો લઈ જતા પોલીસે બે ઇસમને ઝડપી પાડ્યા હતા. વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન મળેલી બાતમીના આધારે પારડી ચાર રસ્તા નેશનલ હાઇવે નંબર 48 પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન કન્ટેનર આવતા પોલીસે રોકી તપાસ કરતા દારૂની બોટલ નંગ 1560 જેની કિંમત રૂપિયા 2.12 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રહીસ સુબસતગીન અન્સારી અને રાહત હુસેન રિયાઝુદ્દીન શેખ (બંને રહે. યુપી) ને ઝડપી પાડ્યા હતા. આ અંગે પૂછપરછ કરતા સેલવાસથી એક મહિલાએ દારૂનો જથ્થો ભરી આપતા તેને વોન્ટેડ બતાવી હતી. દારૂનો જથ્થો, કન્ટેનર, મોબાઇલ સહિત કુલ રૂપિયા 12.22 લાખનો મુદામાલ કબજે કરી પારડી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચીખલી અટગામના મુખ્ય માર્ગનું વિસ્તૃતિકરણ નહીં કરાતા નારાજગી

**ચોમાસા** દરમિયાન આ માર્ગનો ઉપયોગ નેશનલ હાઇવેના વિકલ્પ તરીકે પણ થતો હોય છે


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તલાવચોરા અટગામ મુખ્ય જિલ્લા માર્ગ પર દિવસે દિવસે ટ્રાફિકનું ભારણ વધવા સાથે અવાર નવારની રજૂઆત બાદ પણ વિસ્તૃતિકરણ કરવામાં ન આવતા સ્થાનિકોમાં નારાજગી ફેલાવા પામી છે.

ચીખલીથી તલાવચોરા, મલિયાધરા, ઘેજ, ચરીથી વલસાડ જિલ્લાના અટગામને જોડતા આ મુખ્ય જિલ્લા માર્ગ પર દિવસે દિવસે વાહન વ્યવહાર વધી રહ્યો છે અને ઘણીવાર કોઈ મોટુ વાહન આગળ હોય તેવામાં ઓવરટેઇક કરવા જગ્યા પણ મળતી નથી. બીજી તરફ ચોમાસામાં હાઈવે પર ટ્રાફિક જામ હોય તેવામાં ચીખલી, વલસાડ ની કનેક્ટિવિટી હોય આ માર્ગનો ઉપયોગ હાઈવેના વિકલ્પ તરીકે પણ થતો હોય છે અને ટ્રાફિક વધતા નાના મોટા અકસ્માતોમાં પણ વધારો થઈ રહ્યો છે તેવામાં આ માર્ગના વિસ્તૃતિકરણ તાતી જરૂરિયાત હોવા છતાં માર્ગ મકાન દ્વારા વિસ્તૃતિકરણ કરવામાં ન આવતા સ્થાનિકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે. આ ચીખલી, તલાવચોરા, ઘેજ, ચરી, દસ કિલોમીટર લંબાઈના માર્ગની પહોળાઈ હાલે સાત મીટર છે. જેને દસ મીટરની કરવા માટે માર્ગ મકાન દ્વારા આ માર્ગના મજબૂતીકરણ, પહોળાઈ અને સ્ટ્રકચર માટે વિભાગમાં દરખાસ્ત કર્યાને પણ લાંબો સમય વિતવા છતાં પણ સરકાર દ્વારા જરૂરી ગ્રાન્ટની જોગવાઈ ન કરવામાં આવતા આ માર્ગની સ્થિતિ જૈસે થે રહેતા લોકોની મુશ્કેલી વધી રહી છે.

**ચીખલી ઉપરાંત વલસાડ જિલ્લાના ગામો માટે માર્ગ ઉપયોગી**

આ માર્ગ પર સમરોલીમાં ૮૧૮૯, ચીખલી ૭૦૨૫, તલાવચોરા ૫૩૯૪, માલિયાધરા ૨૨૨૬, ઘેજ ૮૩૫૮ અને ચરીમાં ૨૫૯૫ જેટલી વસ્તીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આસપાસના તથા વલસાડ જિલ્લાના ગણા ગામો માટે પણ આ માર્ગ ખુબ ઉપયોગી હોય તેવામાં સરકાર દ્વારા ઝડપથી આ માર્ગનુ વિસ્તૃતિકરણ માટે જરૂરી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં તે માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ રસ દાખવે તેવી પ્રબળ માંગ લોકોમાં ઉઠવા પામી છે.

# સાયબર ફ્રોડના નાણા જમા કરાવનાર બે ઠગ સામે ગુનો

**યુએસડીટીના** આપવાના બહાને રૂપિયા 2.7 લાખની છેતરપિંડી કરી હતી

વલસાડ : વલસાડમાં પણ જામતારા સ્ટાઇલ ઠગાઇ કરનારાનો રાફડો ફાટ્યો હોય એવું જોવા મળી રહ્યું છે. ગુજરાત પોલીસે પોતાના રાજ્યના જે તે વિસ્તારમાં આવા ઠગોને શોધી તેને સીધા કરવાનું અભિયાન શરૂ કર્યું છે. જે અંતર્ગત પોતાના બેંક એકાઉન્ટ સાઇબર ફ્રોડના નાણાં જમા કરાવવા આપનાર બે યુવક વિરૂદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડના મોગરાવાડી વિસ્તારમાં રહેતા નકુલ રાજેશ થોરાટના બેંક ઓફ બરોડાના બેંક એકાઉન્ટમાં સાઇબર ફ્રોડના નાણાં જમા થતા હોવાનું બહાર આવ્યું હતુ. તેનું મ્યુલ એકાઉન્ટ પોલીસે પકડી પાડ્યા બાદ તેમાં રૂપિયા 2.7 લાખ જેટલી રકમ જુદા જુદા સમયે જમા થઇ હતી. આ રકમ હરિયાણામાં થયેલી ઠગાઇ થકી જમા થઇ હતી.

જેની તપાસ કરતા પોલીસે નકુલની પુછતાછ કરતાં તેણે જણાવ્યું કે, મોગરાવાડીના રવિ આનંદ સાહનીએ તેના એકાઉન્ટમાં પૈસા જમા કરાવવા જણાવ્યું હતુ.

આ બંને ગઠિયા યુએસડીટી આપવાના બહાને ઠગાઇ કરી પૈસા ઉલેચી લેતા હતા. જેના પગલે પોલીસે આ બંને વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં જુગાર રમતા 2 ઈસમ ઝડપાયા

વાપી : વાપી ઈમરાન નગર સહારા માર્કેટ સામે ખુલ્લા મેદાનમાં જુગાર રમનારા 2 ઈસમ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડા રૂપિયા 1350 કબજે લઈ જુગારધારા કલમે હેઠળ ગુનો નોંધ્યો હતો. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે, વાપી ઈમરાન નગર સહારા માર્કેટની સામે ખુલ્લા મેદાનમાં રેઈડ કરી જુગાર રમતા 2 ઈસમ શોયેબ ઉર્ફે મુનિયા રફીક ખાન (ઉ.19) અને અન્સારી મહમદ રેહાન સૈદર (ઉ.19, બંને રહે. ઈમરાન નગર, વાપી)ને ઝડપી પાડ્યા હતા.

## વાપીમાં કચરા ગાડીની ટક્કર કારને લાગતા નુકસાન

વાપી : વાપી ચલામાં મનપાની કચરો ભરવા માટે આવેલી ગાડીની ટક્કર માર્ગની બાજુમાં ઉભેલી કારને લાગતા ભારે નુકસાન થયું હતું. વાપી ચલામાં રહેતા લક્ષ્મણભાઈ બાબુભાઈ પટેલ (ઉ.76)એ ફોર વ્હીલર કાર મોહિદ પાર્ક ચલામાં સોસાયટીના રોડ પર પાર્ક કરી ઓફિસ પર ગયા હતાં. સવારે સાડા દશેક વાગ્યાની આસપાસ વાપી મનપાની કચરો ભરવા આવેલી ગાડી પૂરઝડપે હોય તેની ટક્કર કારને લાગી હતી. ગાડીને ખાસ્સુ નુકશાન થયું હતું. અકસ્માત કરનાર કચરાગાડીનો ડ્રાઈવર વાહન છોડી ભાગી છૂટયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ લક્ષ્મણ પટેલે વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

# ચાઈનીઝ દોરીના ગેરકાયદે વેપાર પર કડક કાર્યવાહી કરવાની માંગ

**જથ્થાબંધ** વેચાણકારોને તાત્કાલિક ઝડપી લેવા અપીલ

નવસારીઃ દર વર્ષે મકર સંક્રાંતિ (ઉતરાયણ) નજીક આવતાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ગેરકાયદે વેપાર સામે કાર્યવાહી કરવાની ચર્ચા થાય છે, પરંતુ હકીકતમાં રેડ સામાન્ય રીતે ઉતરાયણના બે-ત્રણ દિવસ પહેલાં છૂટક વેચાણકારો સુધી જ સીમિત રહેતી હોવાનો આરોપ ઉઠ્યો છે. પરિણામે મોટા જથ્થાબંધ વેપારીઓ બચી જાય છે. સેવા સંસ્થાના હોદ્દેદારોએ ફરિયાદમાં જણાવ્યું કે તાજેતરમાં અમદાવાદમાં પોલીસે ચાઈનીઝ દોરીના વેપારીઓ પર રેડ કરી કરોડો રૂપિયાનો જથ્થો ઝડપી લીધો છે, ત્યારે નવસારી જિલ્લામાં પણ આવી જ કડક કાર્યવાહી જરૂરી છે. ઉતરાયણ નજીક આવતાં નફાખોરી માટે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું ખુલ્લેઆમ વેચાણ થતું જોવા મળે છે, છતાં સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર તરફથી સમયસર પગલાં લેવાતા નથી એવી ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ વાપી અને સેલવાસથી ચાઈનીઝ દોરી નવસારી મારફતે અન્ય જિલ્લાઓમાં પહોંચે છે અને ત્યારબાદ નવસારી સહિત આસપાસના વિસ્તારોમાં તેનું ખુલ્લેઆમ વેચાણ થાય છે. જો જથ્થાબંધ વેચાણકારો અને ગોડાઉનો પર હમણાંથી જ રેડ કરવામાં આવે તો ગેરકાયદે વેપાર પર અંકુશ આવશે અને દોરીથી થતા ગંભીર અકસ્માતો અટકાવી શકાય. સેવા સંસ્થાએ વધુમાં જણાવ્યું કે પોલીસ કાર્યવાહી છૂટક વેપારીઓ સુધી જ સીમિત રહે છે, જેના કારણે "મોટા માથાં" બચી જાય છે. તેથી ચાઈનીઝ દોરીના ગેરકાયદે વેપારને હવે જ મૂળથી કાબૂમાં લેવા તાત્કાલિક, વ્યાપક અને નિષ્પક્ષ કાર્યવાહી કરવાની તીવ્ર માંગ કરવામાં આવી છે.